પ.પૂ. સદ્‌ગુરૂ
શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના
અમૃત વચનો

છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટ, આણંદ(વઘાસી)

Scanned by CamScanner

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

(૧) ભગવાન મારા અને હું ભગવાનનો.

(૨) ચોવીસ કલાક સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લેવું અને એમ ધારવું કે મારા ગુરૂ અને મારા ભગવાન મારી સામે જ બેઠા છે. તો કામ કરવામાં આનંદ આવે, કામ સારૂ થાય, કામ જલ્દી થાય અને થાક ન લાગે.

(૩) જ્ઞાને કરીને સાધુ થાવું. તે ગૃહસ્થમાં રહી સાધુની માફક ભગવાનની ભક્તિ આદિ કરવું તે સાધુ થયા કહેવાય.

(૪) જ્યાં સુધી દેહના ભાવ છે તે ન ટળે ત્યાં સુધી હું અને મારા એ બધુ રહેવાનું.

(૫) હું એમ નથી કહેતો કે તમે બધા સંસાર છોડી સાધુ થઈ જાવ. પણ જ્ઞાને કરીને સાધુ થાવ. પરમાત્માનું ધામ પામવું હશે તો જરૂર સાધુ તો થવું જ પડશે.

(૬) માતા-પિતા, ગુરૂના ઉપદેશ અને વર્તન ઉપર બધાના જીવનનો આધાર છે. માતા પિતા અને ગુરૂ સારી રીતે ચાલે તો બાળકોમાં એવા સારા સંસ્કાર આવે.

(૭) નિયમ પ્રમાણે વર્તીએ તો કોઈ ભૂત-પ્રેત આપણી નજીકમાં આવી શકતા નથી. પણ એ નિયમ પાળવામાં કે ભજન કરવામાં કોઈ ખામી હોય તો તે આવી શકે.

(૮) ભગવાનનું ભજન બરાબર ન કર્યું હોય તો ભૂત પ્રેતાદિક આત્મા નડે છે.

(૯) સંગની શુદ્ધિ અને નિર્દોષ બુદ્ધિ રાખવી.

Scanned by CamScanner

(૧૦) આપણે આપણું જોઈ લેવું બીજાનું જોવા સુધારવા જઈએ તો આપણા મોક્ષ માર્ગમાં વિઘ્ન રહે. આપણે આપણું હિત કરી લેવું એ હિતાવહ છે. અને આપણી જે ખામી હોય તે ટાળી નાંખવી.

(૧૧) ગમે ત્યારે ગમે તે સ્થળે ભગવાનનું ધ્યાન કરવામાં બાધ નથી.

(૧૨) આહાર (જમવાનું) વિહાર (ફરવું, જોવું, બોલવું) અને બ્રહ્મચર્ય એ ત્રણની શુદ્ધિ હોય તો જ આપણે ધ્યાન બરાબર કરી શકીએ.

(૧૩) નીતિ પ્રમાણે ઉદ્યમ કરવો પણ અનીતિથી ધન ભેગું ન કરવું.

(૧૪) ક્રિયા ભગવાન સંબંધી હોય તો પણ ક્રિયારૂપ થઈને કોઈ ક્રિયા ન કરવી.

(૧૫) નાના મોટા હરિભક્તોએ મહારાજનો તથા સંતોનો અખંડ રાજીપો લેવો હોય તો મહારાજની આજ્ઞા અને ઉપાસનામાં દેહના અંત સુધી કોઈપણ ફેર પડવા દેશો નહીં.

(૧૬) સર્વેના કર્તા હર્તા સ્વામિનારાયણ ભગવાન છે આટલું જીવને સમજાઈ જાય તો બીજું કશું જ કરવાનું રહેતું નથી.

(૧૭) મોક્ષ સંબંધી કામ આપણે પોતે જ કરવું પડશે.

Scanned by CamScanner

(૧૮) જેનો જીવ બળને પામ્યો હોય તેને ખરાબ સ્વપ્ન પણ ન આવે.

(૧૯) નાનપણથી જો સારા સંસ્કાર મળે તો યુવાનીમાં ફેલ ફતૂરમાં પડે નહીં.

(૨૦) નિષ્કામી વર્તમાન ખાલી બ્રહ્મચર્ય પાળવું એટલામાં જ પૂરું થતુ નથી પણ આ લોકમાં અને દેહના અંતે મહારાજની હજૂરી સેવા સિવાય કાંઈ ઈચ્છા નહીં તે શ્રેષ્ઠ પ્રકારનું નિષ્કામી વર્તમાન પાળ્યું કહેવાય.

(૨૧) જાગી જાગીને સૂવે એનું જાગરણ પડ્યું કૂવે.

(૨૨) જો આપણું મન શાંત હોય ને પોતાનું મન ગમતું મૂકી દઈએ તો આ દુનિયામાં આપણાં કોઈ વેરી જ ના હોય.

(૨૩) કામરૂપી દોષ આ જીવનો વેરી છે.

(૨૪) "દાસી થઈને રહેજે તું દીન દયાળની."

(૨૫) ભગવાનનું પ્રતિલોમ વૃત્તિએ કરીને ધ્યાન કરે તો તે ભક્તને પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણનો ભાવ ટળી જાય છે. ને કારણ શરીરે સહિત ત્રણ દેહનો નાશ થઈ જાય છે. એ શ્રેષ્ઠ ધ્યાન છે.

(૨૬) શ્રીહરિનું ધ્યાન અખંડ થાય એ સમાધિથી પણ અધિક છે. કેવળ મહામંત્રનો જાપ કરતા પણ મૂર્તિનું ધ્યાન અધિક છે. ધ્યાન કરનાર માણસને બીજા સાધનની જરૂર રહેતી નથી.

Scanned by CamScanner

(૨૭) ધ્યાન એટલે શું ? જે ભગવાનને નિત્ય એકી સુરતે જોઈ રહેવું એ ધ્યાન કહીએ.

(૨૮) ભરવાડને વગડામાં ફરવું કઠણ નથી પણ ઘરમાં સાંજ સુધી બેસાડી મૂકીએ તો કેવું કઠણ પડે છે. તેમ ધ્યાન કરવું કઠણ છે.

(૨૯) હનુમાનજીએ છાતી ચીરી અંતરમાં રામના દર્શન કરાવ્યા તેમ અંતરમાં ભગવાન ધારવા.

(૩૦) ભજનનો અભ્યાસ કરવાથી ભગવાનનો આનંદ આવે છે. અને શ્રીહરિ આપણા સામું જુએ છે ને જાણે મંદ મંદ હસે છે.

(૩૧) ભુજમાં સ.ગુ. શ્રી ભક્તિવલ્લભદાસજી સ્વામી પણ અખંડ ધ્યાન કરતા. તે ધ્યાનના અભ્યાસથી તેમણે સૂર્યનારાયણને ત્રણ કલાક ઉભા રાખી દીધા એવો ધ્યાનનો મહિમા છે.

(૩૨) ધ્યાનનિષ્ઠ પુરૂષની સમીપ નિવાસ કરવો તે પણ શ્રેષ્ઠ છે. કારણ કે તેમના સમાગમે કરીને તેમના જેવા ગુણોનો ક્રમે ક્રમે તેમની ભક્તિમાં અવિર્ભાવ થાય છે.

(૩૩) એક ભગવાન સિવાય ત્રિલોકમાં બીજી કોઈપણ વસ્તુને જુએ, જાણે, વિચારે કલ્પે નહી અને શ્રી હરિમાં જોડાઈ રહે તેને ધ્યાનનો આરંભ થયો જાણવો.

(૩૪) આપણાં ભાગ્યમાં ભગવાન આવ્યા છે.

Scanned by CamScanner

(૩૫) આપણે ધ્યાન ભજન તથા સેવા આદિ જે જે કરવું તે ભગવાનની પ્રસન્નતા માટે જ કરવું. પણ કોઈ વખાણે કે માન મોટપ સારૂ ન કરવું. એક પોતાના આત્માની શુદ્ધિ માટે તથા શ્રીહરિની પ્રસન્નતા માટે જ કરવું.

(૩૬) ખરો ભક્ત પ્રવૃત્તિ માર્ગમાં શ્રીજીની આજ્ઞાએ કરીને પ્રવર્તતો હોય પણ શ્રી હરિજીની કથા, વાર્તા, કિર્તન, ભજન તથા આત્મા અનાત્માનો વિવેક કર્યા વિના જરાવાર પણ રહી શકે નહીં.

(૩૭) "અર્થ સાધયામિ વા દેહં પાતયામિ" અર્થાત્ દેહ ભલે પડી જાય પણ મોક્ષ રૂપી અર્થને સિદ્ધ કરવો એવી રીતે શૂરવીર થઈને મંડે તો સર્વે કસર ટળી જાય છે.

(૩૮) વિમાન, ગાડી, મોટર આદિ ચલાવનારની વૃત્તિ સુકાન ઉપર જ રહે છે. તેમ ભગવાનના ભક્તની વૃત્તિ ભગવાનમાં જ રહે તે ખરો ભક્ત કહેવાય.

(૩૯) યુવાન અવસ્થા આવે ત્યારે વ્યક્તિ ચિંતા તથા ખટકો રાખી વ્યવહાર કરે છે તેમ કાયમ ભગવાન ભજવાનો ખટકો રાખવો.

(૪૦) અંતરમાંથી બૂડ ઠૂંઠા કાઢવા. તે અંતરમાં જગતની વાસના હોય તેને કાળજી રાખી ટાળી નાંખવી.

(૪૧) આપણે શાંતિરૂપી ધન અતિ જતન કરીને સાચવી રાખવું.

Scanned by CamScanner

(૪૨) અક્ષર બ્રહ્મના એક રૂવાડામાં અનંત કોટી બ્રહ્માંડ અણુને પેઠે ઉડતા ફરે છે.

(૪૩) ભવાયાની પેઠે માત્ર થોડીવાર વેશ લીધો છે એમ માનીને ઉપરથી વ્યવહારની ફરજ બજાવવી.

(૪૪) શ્રીહરિ કહે "દાસના દાસ થઈ રહેશે જે સત્સંગમાં, ભક્તિ એની ભલી માનીશ રાખીશ એના રંગમાં"

(૪૫) અંતકાળે જેવું ચિંતવન કરતો દેહ મૂકે તેવા દેહને પામે છે.

(૪૬) ભગવાન સદા સાકાર છે તેમની મૂર્તિમાં અગાધ અને અખૂટ સુખ છે. જે એક વખત ભગવાનની દિવ્ય મૂર્તિમાં આપણો જીવ ચોટી જાય તો આ સંસારનાં સુખો કડવા ઝેર જેવા લાગે.

(૪૭) અમારે તમોને બધાને સાધુ કરવા નથી, બીતા નહીં, પણ ગૃહસ્થાશ્રમી સાધુ બનો. વૈરાગ્ય હોય અને સાધુ ભલે બને તેની અમે ના પાડતા નથી.

(૪૮) કથા "સાંભળી નાખી" તે કથા વાર્તા સાંભળવી પણ સાંભળી ને નાખી ન દેવી પણ મનન કરીને જીવમાં ઉતારવી.

(૪૯) એકલું જ્ઞાન કહેવું અને સાંભળવું તે કંઈ કઠણ નથી પણ બે બે ઘડી પાછી વૃત્તિ વાળી ભગવાનને સંભારવા તે શ્રેષ્ઠ છે.

Scanned by CamScanner

(૫૦) "કોટી જન્મ કા પુણ્ય જબ ઉદય હોત એક સંગ તબ મટત મનકી મલીનતા અરૂભાવત સત્સંગ."

(૫૧) ભુતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારી લેવો.

(૫૨) આ સ્વામિનારાયણ ભગવાન જેવો કોઈ દયાળુ અવતાર થયો નથી અને થાશે પણ નહીં.

(૫૩) આપણને દરેકને ભગવાને ન્યાલ કરી દીધા છે.

(૫૪) અખંડ ભગવાનનું ભજન કરે તો કાળા સર્પનું ઝેર પણ ઉતરી જાય.

(૫૫) બબ્બે ઘડી પાછી વૃત્તિ વાળી પોતાના હૃદયને વિષે જોયા કરવું કે હું અહીંયા શું કરવા આવ્યો છું ? અને શું કરી રહ્યો છું ? મોક્ષ સંબંધી કેટલું કામ થયું ? અને કેટલું કરવાનું બાકી છે?

(૫૬) આપણું મૂળ વતનનું ગામ અક્ષરધામ છે.

(૫૭) "અનેક જન્મો ખોયા અણ અર્થે આવ્યું નહી કંઈ કામ એક જન્મ કરીએ હરિ અર્થે તો સરી જાય સર્વે કામ."

(૫૮) જો ભગવાનનો આનંદ એક ક્ષણ વાર પણ લીધો હોય તો જગતનાં બધા ભોગ મિથ્યા લાગે.

(૫૯) શ્રીજી મહારાજ સુખના સાગર છે.

(૬૦) સંસારમાં જળ કમળવત રહેવું.

(૬૧) ભગવાન ભક્તાધીન છે.

Scanned by CamScanner

(૬૨) ભગવાનની ભક્તિ કરવી તે પોતાના જીવના કલ્યાણના અર્થે જ કરવી.

(૬૩) રાત્રે સુતા પહેલા થોડીવાર ભગવાનની કથા વાંચીને સુઈએ તો જરૂર આનંદ આવે.

(૬૪) આજ્ઞા ઉપાસનાની દ્રઢતા વિના મોક્ષ સંબંધી કાર્ય સિદ્ધ થાતું નથી.

(૬૫) ભગવાન ભજવા હોય તેણે તલવારની ધાર ઉપર ચાલવા જેવી તૈયારી રાખવી.

(૬૬) કરોડો રૂપિયા ખર્ચતા પણ આ સ્વામિનારાયણ ભગવાન મળતા નથી.

(૬૭) સારુ જીવન જીવવું એજ સજ્જન મનુષ્યનું કર્તવ્ય છે.

(૬૮) જેને એક ક્ષણની કિમત ન હોય તેનો મોક્ષ થતો નથી અને જેને એક રૂપિયાની કિમત ન હોય તે પૈસાદાર થતો નથી.

(૬૯) જનના, મનના તથા તનના અંતરાયમાં લોભાવું નહીં.

(૭૦) બે સારા સંતો તથા બે સારા હરિભક્તો સાથે જીવ બાંધવો.

(૭૧) દ્રવ્ય અને સ્ત્રી એ બેમાં આખું જગત બંધાણુ છે.

(૭૨) શેઠ, સાહેબ, રાજા કે ઈન્દ્રથી પણ મોટી પદવી ભગવાનના ભક્તની છે.

(૭૩) ક્યારેય ગાળો બોલવી નહીં.

Scanned by CamScanner

(૭૪) ઓ હો હો... ભગવાનની દિવ્ય પ્રકાશમાન માધુરી મૂર્તિ વિશે જે અલૌકિક; દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ?

(૭૫) કરોડો રૂપિયાનું નુકશાન થાય તો પણ ક્રોધ કરવો નહીં.

(૭૬) શ્રીહરિની સ્મૃતિ સર્વે વિપત્તિને હરનારી છે.

(૭૭) એક વૃત્તિએ કામ કરવું અને બીજી વૃત્તિએ ભગવાનનું ભજન કરવું.

(૭૮) આખો મીંચીને બેઠા ને અક્ષરધામમાં પેઠા.

(૭૯) ભગવાન વિના બીજે હેત થાય એ જ મોટું પાપ છે.

(૮૦) એક નિમિષ માત્ર ભગવાનની મૂર્તિના દર્શનના સુખ આગળ અનંત કોટી બ્રહ્માંડના વિષય સુખ વારી-ફેરી ને નાંખી દઈએ એવું ભગવાનની મૂર્તિનું સુખ છે.

(૮૧) આ દેહને કોઈ ગમે તેમ બોલે કે વઢે કે અપમાન કરે તો સર્વે શબ્દ કે આકાશમાં દિગ્પાળને ત્યાં મોકલી દેવા ને પોતે અખંડ આત્મા રૂપ થઈને અખંડ ભગવાન સંભારવા.

(૮૨) જે અખંડ ભગવાન સંભારે એવા પ્રેમી ભક્ત આગળ ભગવાન પરતંત્ર થઈને પ્રેમરૂપી દોરીએ બંધાય છે.

(૮૩) ભક્ત જો ભગવાનનું અખંડ ચિંતવન કરે તો સર્વે તીર્થોનું ફળ મળે. સર્વે પાપ તથા સર્વે દુઃખનો નાશ થઈ જાય ને અંતે શ્રીહરિની સેવામાં રહે છે.

Scanned by CamScanner

(૮૪) બીજાને સમજાવામાં જેવી હોંશ થાય છે તેવી જ પોતાની ખોટ ટાળવાની હોંશ રાખવી તો કસર માત્ર ટળી જાય છે.

(૮૫) બહાર વૃત્તિવાળાને ધામ તથા શ્રીહરિ છેટા છે ને અંતર વૃત્તિવાળાને ધામ તથા શ્રીહરિ પાસે જ છે.

(૮૬) ગમે તેટલી તપશ્ચર્યા કરે તો પણ ધ્યાન કર્યા વિના કારણ શરીરના રાગ ટળતા નથી.

(૮૭) વ્યવહારિક કાર્યમાં જો આપણે ઓતપ્રોત થઈ જતા હોઈએ, તો આપણી ખામી કહેવાય.

(૮૮) આપણે એમ વિચારીએ કે મહારાજ આપણી પાસે બેઠા છે. આ મુક્તો બેઠા છે, હું અક્ષરધામમાં બેઠો છું. તમે ઓફિસમાં બેઠા હો, કે ઘરે બેઠા હો કે કોઈ દુકાને બેઠા હો, ત્યારે એમ જાણવું કે, હું આ ભગવાનના અક્ષરધામમાં છું, ત્યાંજ બેઠો છું.

(૮૯) ઉપાસના કેને કહેવાય ? ઉપ એટલે સમીપ. ભગવાનને સદાય આપણે સમીપે રાખીએ, તો જાણે આપણે ઉપાસના દૃઢ કરી રહેવાય.

(૯૦) ભગવાન જેવી કોઈપણ સારી વસ્તુ આ દુનિયામાં છે જ નહીં.

(૯૧) આપણે નામું તો કરવું પડશે જ, કે આપણે માયાના પ્રવાહમાં વહી જઈએ છીએ, કે ભગવાનમાં વહી જઈએ છીએ ?

Scanned by CamScanner

(૯૨) આપણે આપણા પતિ સ્વામિનારાયણ ભગવાન એને વિષે પતિવ્રતાની ટેક રાખીને ભગવાનનું ભજન કરશું તો આપણામાં કેમ બળ નહીં આવે ? જરૂર આવશે જ.

(૯૩) ભગવાન પોતાની મોટપ સામું જુવે તો આપણી શું ગણના ?

(૯૪) ભગવાન આપણા ગુના સામું જુવે તો કોઈના કલ્યાણ થાય નહીં.

(૯૫) ભગવાન પોતાના ભક્તના ગુન્હા માફ કરી અને પોતાના ભક્તની અન્ન,વસ્ત્રને આબરૂંએ કરીને રક્ષા કરે છે. ને દેહને અંતે રથ, વેલ, વિમાન લાવીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે.

(૯૬) મને આવા ભગવાન મળી ગયા ! મને આવા સંતો મળી ગયા ! મને હરિભક્તો મળી ગયા ! તે મારા મોટા ભાગ્ય કહેવાય. તો તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

(૯૭) ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિ વિના બીજો સંકલ્પ થાય તો કપાળમાં બળબળતો ડામ દે તેવો વસમો લાગે.

(૯૮) આત્માની અક્ષરધામ સાથે એકતા કરી અક્ષરધામ માનવું. પોતાનું સ્વરૂપ દિવ્ય અને પ્રકાશમાન છે.

(૯૯) એક દિવસ તો દુનિયામાંથી જવું જ પડશે માટે મોક્ષની તૈયારી કરી લેવી.

Scanned by CamScanner

(૧૦૦) જેટલા શ્વાસ ઉઠે છે, એટલા સંકલ્પો માણસને થાય છે. પણ આપણે ભગવાનના ભકત થયા છીએ તો શ્વાસોચ્છ્વાસે ભગવાનની મૂર્તિને સંભારીએ તો એક પણ સંકલ્પ થાય નહીં.

(૧૦૧) સંતોનો ધર્મ એ જ છે કે સર્વજીવહિતાવહ. આનું હિત કરવું ને આનું ન કરવું એમ નહીં, દરેકનું હીત કરવું.

(૧૦૨) ભગવાનનો મહિમા સમજાય તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભુલીએ નહીં.

(૧૦૩) સંત સમાગમરૂપી નોળવેલ સુંઘવાથી સંસારરૂપી સર્પનું ઝેર ઉતરી જાય છે.

(૧૦૪) આ જીવાત્મા અનાદિકાળનો માયામાં ભમતો આવ્યો છે. અનેક જન્મના કર્મના થર ખડક્યા હોય તો તે થર તો આવે પણ ભગવાનના ભક્તો જે ભજન કરતા હોય, તેને તે થર નડતા નથી.

(૧૦૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તોને ગ્રહો કે પનોતી નડતા નથી.

(૧૦૬) વિધાતાના લેખે કોઈ ખોટા કરી શકતું નથી, પણ કાં તો ભગવાન ખોટા કરે, કાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિએ સહિત, જે ભગવાનના એકાંતિક સંતો હોય તે.

(૧૦૭) ટી.વી. જેમ બને તેમ ન જોવાય તો સારૂ, કેમ કે ટી.વી. જોવાથી અંતઃકરણ બગડે, મન બગડે.

Scanned by CamScanner

(૧૦૮) બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને ભગવાનનું ધ્યાન ભજન કરે છે તેને હજાર ગણું પુણ્ય મળે છે.

(૧૦૯) ઉઠીને પરબારૂં રવાના ન થવું, બે મિનિટ, પાંચ મિનિટ, પંદર મિનિટ કે અડધો કલાક ધ્યાન કરવાનો અભ્યાસ કરશો, તો આસ્તે આસ્તે વૃત્તિ સ્થિર થઈ જશે.

(૧૧૦) આપણે રાતના જે કામ કરતા હોઈએ તે કામ સવારે ચાર વાગ્યે ઉઠી, નહાઈ, ધોઈ, પૂજા પાઠ કરીને છ વાગ્યે કરવા માંડીએ તો ડબલ કામ થઈ જાય.

(૧૧૧) આખો દિ વેપારી લોકો કે ગૃહસ્થ લોકો કામ કરીને થાકી જાય, તો રાત્રે કલાક બે કલાક સૂઈ જવું. ને રાતના દોઢ વાગે કે બે વાગે કે અઢી વાગે જાગીને ધ્યાન કરવું. તો તે ધ્યાન બહુ સારૂ થાય.

(૧૧૨) ભગવાનની મૂર્તિનું ધ્યાન કર્યા વિના અનંત કોટિ બ્રહ્માંડનો પ્રલય થાય એટલી આવરદા ભોગવે તથા કરોડો કલ્પો જાય તો પણ તે ધ્યાન કર્યા વિના જીવના જે અવ્યક્ત રાગ તે ટળતા નથી.

(૧૧૩) જગતના જીવો પહેલા ભાતુ બાંધીને ભગવાનને ખોળવા જતા એમ આપણે ભગવાનને ખોળવા જાવા પડે તેવા નથી.

(૧૧૪) જે ભજન કરે છે તેનું શ્રી હરિ પોષણ કરે છે.

Scanned by CamScanner

(૧૧૫) ધ્યાન એટલે શું ? કે મનની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં રહે તો ધ્યાન કહેવાય. ભલે આખ્યું મીંચીને કરીએ કે ખુલ્લી આંખે કરીએ.

(૧૧૬) કરોડો રૂપિયાનું દાન કરે અને તે એકવાર ક્રોધ કરે તો તે કરોડ રૂપિયાનું દાન નિષ્ફળ થઈ જાય. તમે કોઈ ક્રોધ કરતા હો તો આજથી બંધ કરી દેજો. મહારાજે ક્રોધનું નામ "વિરૂપ" લખ્યું છે.

(૧૧૭) ક્રોધ તો જરાક પડતો થાય તો પુણ્યનો ક્ષય કરી નાખે. એટલે આજથી એવો નિયમ રાખજો કે, હવે ક્રોધ કરવો નહી. પણ હોય તો મૂકી દેશો ? કે ઓછો કરશો ? ભગવાનના ચરણમાં સોંપી દેવું.

(૧૧૮) ઉધડું કામ લે ને તે જેમ કામ કરે તેમ રાત દિવસ ન ગણી હમણા કાળ આવશે એમ જાણી ભજન વિશેષ કરવું.

(૧૧૯) કરોડો જન્મનો પૂણ્યનો ઉદય થયો હોય તેને આ સત્સંગ કરવો ગમે છે.

(૧૨૦) ગૃહસ્થોએ રૂપિયા ભગવાનને અર્થે વાપર્યા હોય, તે જ સાચી મૂડી કહેવાય, પણ ફેલફતુરમાં રૂપિયા વાપર્યા હોય, તે ખોટી મૂડી કહેવાય.

(૧૨૧) જ્યાં ભગવાનના ભક્તો ભેળા થઈને સત્સંગ કરે છે ત્યાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.

Scanned by CamScanner

(૧૨૨) આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની પોતાને જે પ્રિય મૂર્તિ હોય તેનું ધ્યાન કરવું.

(૧૨૩) ધાર્યું તો એક ભગવાનનું થાય છે, આપણું ધાર્યું ન થાય એમાં મૂંઝાવું નહીં. કર્તા હર્તા તો ભગવાન છે એમ જાણીને રાજી રહેવું.

(૧૨૪) ગુણાતીત એટલે ગુણ થકી પર, એક છોકરાએ નાથ ભક્ત ઉપર થૂંક નાખ્યું તો પણ તેમને ક્રોધ થયો નહીં. કેમ કે તેઓ ગુણાતીત હતા, એટલે કોઈ માન કરે, અપમાન કરે એમાં આપણને હરખ શોક ન થાય તો આપણે ગુણાતીત થયા કહેવાઈએ.

(૧૨૫) નિર્ગુણ એટલે માયાના સત્વગુણ, રજોગુણ અને તમો ગુણ એ ત્રણ ગુણ રહિત હોય એને નિર્ગુણ કહેવાય.

(૧૨૬) મોક્ષ માટે સમાધી થવી જરૂરી નથી, ભગવાનનું ભજન આપણે કર્યા કરવું. ભગવાનની ઈચ્છાથી સમાધી થઈ જાય, તો ભલે પણ ન થાય તો તેણે કરીને આપણે પોતાને અપૂર્ણ માનવું નહીં.

(૧૨૭) જમવા બેસીએ ત્યારે પણ મોટા સંતોએ કહ્યું કે, કોળિયે કોળિયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલીને જમીએ તો તે જમીએ એ ઉપવાસ કહેવાય.

(૧૨૮) ભગવાનનો ઉપકાર ક્યારેય ભૂલવો નહીં.

Scanned by CamScanner

(૧૨૯) ભક્તોની વહારે પ્રભુ ક્યારે નથી આવ્યા ? વણઝરાની તમે પોઠ લઈ આવ્યા, ધના ભક્તની તમે ખેતી કરી અને પ્રહલાદ ભક્તની તમે અગ્નિમાંથી રક્ષા કરી અને નરસિંહ મહેતાનું તમે મામેરૂં પૂર્યું. ભક્તોની વ્હારે પ્રભુ ક્યારે નથી આવ્યા ? આવો જ છો અને આવશો જ !

(૧૩૦) આઠ વાગ્યે ઉઠીને નાહવા મંડીએ, મારે આ ઓફીસમાં જાવું છે, વળી મોડું થશે તો સાહેબ વઢશે, શેઠ જાણે કે મારે દુકાને જવું છે, ઘરાક ભાગી જશે, એમ સંકલ્પ થયા જ કરે ને ? પણ આપણે જો આ વહેલા ઉઠીને નાહી-ધોઈ-પૂજા-પાઠ કરી લીધેલ હોય, તો આખો દિવસ શાંતિ થાય.

(૧૩૧) દિવસ જાય ડખામાં, ને રાત જાય વખામાં, ડખા એટલે કાંઈ ગપ્પા ન મારે પણ વ્યવહારિક કાર્યમાં બધું હાલ્યું જાય. નોકરી કરતા હોય એને નોકરી કરવી પડે, કોઈ કહે કે, એને વેપાર કરવો પડે. ભલે વેપાર કરવો પડે પણ આપણે દરેક કામ કરતા મૂર્તિ સંભારવાની ટેવ પાડવી.

(૧૩૨) આ દેહ છે તે પૂર્વ કર્મને આધિન છે, એટલે માંદુ પણ થાય અને સાજું પણ થાય, તો જ્ઞાનની આવી દઢતા હોય તો આપણને ભગવાન ભૂલાય નહીં.

Scanned by CamScanner

(૧૩૩) એક મહાત્માએ કીર્તનમાં લખ્યું કે, હું તો ઉંચે ચડું અને નીચે ઉતરું, કે આ ભગવાનને રાજી કરવાને માટે, પોતાના ભક્તને અર્થે ભગવાનની મૂર્તિને વૃત્તિથી ઉંચી ચડાવી. વળી અડે પડખે ડોલાવવી, વળી નીચે લાવવી. એમ કદાચ આળસ પ્રમાદ જેવું હોય તો કરવું, નહીંતર ન કરવું.

(૧૩૪) માતા પિતાની સેવા કરે, ભગવાનનું ભજન કરે, ભગવાનની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તે, તે જ ગૃહસ્થોના સાચા દીકરા કહેવાયે, ને માતા પિતાની આજ્ઞામાં ન વર્તે, ભગવાનના નિયમો બરાબર પાલન ન કરે, તે દીકરા ન કહેવાય, તે છોકરા કહેવાય.

(૧૩૫) માતા પિતાએ પણ બાળકોમાં સારા સંસ્કાર રેડ્યા હોય તો પોતે પણ સુખી થાય અને જુવાની અવસ્થામાં સારી વિદ્યા પ્રાપ્ત કરે, સારા પૈસા પ્રાપ્ત કરે અને સત્સંગ રાખે તો જ એના માબાપે સારા સંસ્કાર નાખ્યા કહેવાય.

(૧૩૬) બાળપણમાં જ બાળકને સારા સંસ્કાર રેડવા તે પણ માતા પિતાની ફરજ છે. કારણ કે, માતા અને પિતા હોય એ પહેલા ગુરૂ કહેવાય.

(૧૩૭) સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને કામ કરીએ તો તે કામ નિર્ગુણ થઈ જાય.

Scanned by CamScanner

(૧૩૮) ઘણા હરિભક્તો પણ અમને વાત કરતા હોય કે, સ્વામી ! આમારા પપ્પા અમને વઢ્યા જ કરે છે, ને પપ્પા મમ્મીને પણ વઢ્યા જ કરે, તો છોકરાના સંસ્કાર કેવા હોય ? બીજું, મોટા સંતો એમ કહેતા કે, કદાચ કાંઈ પત્નીને કહેવું હોય તો, છોકરા સાંભળતા કાંઈ કહેવું નહીં પણ એક બાજુ જઈને કહેવું કે, આપણે આમ વર્તવું અને આપણે આમ કરવું નહી, તો છોકરામાં સારા સંસ્કાર પડે.

(૧૩૯) સંસારના સુખ એવા કે પાણી કેરા પરપોટા, તે પાણીના પરપોટા હોય, તે ક્ષણ એકમાં નાશ પામી જાય. તેમ આ સંસારના સુખ પણ ક્ષણીક છે, તેમાં શોક પામવો નહીં, પણ ભગવાનનું જે સુખ છે, ભગવાનની મૂર્તિનો જે અલૌકિક આનંદ છે, તે સુખ કાયમ રહે છે.

(૧૪૦) હું આત્મા છું, બ્રહ્મ છું, ચેતન છું, આ દેહ, લોક ખોટો છે અને ખોટા જ છે ને ? આપણે દેખીયે છીએ, જોઈએ છીએ કે, કોઈ શેઠ હોય કે કોઈ સાહેબ હોય, ને અચાનક હાર્ટ ફેઈલ થઈ જાય તો શું થાય ? આ બંગલો હોય, વાડી, ખેતર હોય બધું અહીં જ પડ્યું રહે, ત્યારે કાંઈ પણ સાથે જાય નહીં.

(૧૪૧) સદાય સત્વગુણમાં વર્તવું.

Scanned by CamScanner

(૧૪૨) આપણા સંત હતા. તે સાંજ પડે ગાયનું છાણ લઈને પોતાના હાથે લીપે, લીપીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લેતા સુઈ જાય. હમણા ભગવાન તેડવા આવશે, હમણાં ભગવાન તેડવા આવશે, એમ ભગવાનનું નામ લે.

(૧૪૩) જેમ મોરલી વાગે ને મણિધર નાગ ડોલે તેમ ભગવાનના ભક્તોએ ભગવાનના ધ્યાન કથા કીર્તનાદિકના આનંદમાં ડોલ્યા કરવું.

(૧૪૪) ગમે તેટલું કામ હોય પણ મારા ગુરૂ કહેતા કે, બીજા કામમાં નોકર રાખે-મોટી ઓફિસમાં કોઈ ૫૦ નોકર રાખે કોઈ ૧૦૦ નોકર રાખે, પણ બે કામમાં નોકર કામ આવતા નથી. ગમે તેટલું કામ હોય ભૂખ લાગે તો કરોડ કામ મૂકીને આપણે જમીએ છીએ અને જાજરૂ જવાનું થાય તો આપણે જ કરવું પડે. તેમ આ મોક્ષ સંબંધી કામ કરવામાં કોઈ નોકરો કામ લાગશે નહીં.

(૧૪૫) "ગુરૂ કરવા તો જ્ઞાની કરવા સત અસત્ ને જોઈ બળદ લેવો ખેડીને ડોબું લેવું દોહી"

(૧૪૬) માતા પિતાની સેવા કરવી, માતા પિતાનો ઉપર એટલો બધો ઉપકાર છે કે, સો જન્મ સુધી પણ એમની સેવા કરીએ તો પણ એનો બદલો વાળી શકીએ નહીં.

(૧૪૭) જેવા માતાનો પ્રેમ છે એવો જ સાધુનો પ્રેમ છે.

Scanned by CamScanner

(૧૪૮) એકાદશીના દિવસે અન્ન જમે તેને કોળીયે કોળીયે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.

(૧૪૯) ધ્યાન અને ભજન તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું.

(૧૫૦) ભગવાન પ્રગટ જ છે માટે વિરહ ન કરવો. આનંદમાં રહી ભજન કરવું.

(૧૫૧) આપણે અબજો જન્મોથી ભેગા હતા, છીએ, અને ભગવાનના ધામમાં આપણે સર્વેએ ભેગા રહેવાનું છે.

(૧૫૨) રાત્રે સૂઈએ ત્યારે એમ ધારવું કે મારી બાજુમાં ભગવાન અને મુક્તો સુતા છે. તો ભૂંડું સ્વપ્ન પણ ન આવે.

(૧૫૩) જમતા જમતા વાતો ન કરવી, કોળિયે કોળિયે, એમ ધારવું કે હું ભગવાનને જમાડું છું.

(૧૫૪) એક એક કોળિયે પાંચથી છ વાર સ્વામિનારાયણ નામ લઈ શકાય.

(૧૫૫) ચાલતે સ્ત્રી ઉપર નજર પડી જાય તો પાછા બીજી વાર ન જોવું.

(૧૫૬) પોતાને અક્ષરધામ રૂપ માનવું.

(૧૫૭) ભગવાનને મુખ્ય રાખીને વ્યવહાર કુશળતા રાખે તે એમને બહુ ગમે.

(૧૫૮) દરેક હરિભક્તના ઘસારા ખમવા.

Scanned by CamScanner

(૧૫૯) પ્રત્યક્ષ અથવા માનસીપૂજામાં ભાવથી અર્પણ કરેલી વસ્તુ ભગવાન અવશ્ય સ્વીકારે છે.

(૧૬૦) જે પોતાને ઘરે કોઈ ભિક્ષુક આવે એને પોતાની શક્તિ પ્રમાણે આપવું, પણ એનો તિરસ્કાર ન કરવો કેમ કે ક્યારેક ભગવાન પણ મહાત્મા સ્વરૂપે આવે.

(૧૬૧) પ્રદક્ષિણા કરતા કરતા માળા કરીને તે માળાનું પુણ્ય કોઈ દુઃખી હરિભક્તને આપેતો તે ભક્તને તેનું પુણ્ય મળે જ છે, કેમ કે કોઈ દુઃખી માણસને આપણે કાંઈક દાન કરીએ, તો તેને મળે જ છે. તેમ આપણે તેના માટે દાન પુણ્ય કરીએ, તો તેને ફળ મળે જ છે.

(૧૬૨) ભગવાનની મૂર્તિને સંભારીને આપણે જે કાંઈ કામ કરીએ તે કામ આપણાને બંધનકર્તા થાતું નથી.

(૧૬૩) સ્વભાવ તો મોક્ષમાં આડો આવે જ છે.

(૧૬૪) માતા-પિતા અને ગુરૂ એમની આજ્ઞા માનવી અને એમનું કહ્યું કરવું, એ જ શિષ્ય અથવા પુત્રનો ધર્મ છે.

(૧૬૫) હંમેશા સત્યના માર્ગે ચાલવું.

(૧૬૬) ધરમપુરના કુશળ કુંવરબાઈ દર્શન કરતા હતા, તેવી રીતે દૃષ્ટિ પલટાવીને કરવા. આપણે જેવી રીતે બહાર ભગવાનના દર્શન કરીએ, એવા ને એવા અંતરમાં ભગવાનને જોવા, તો એને દૃષ્ટિ પલટાવીને દર્શન કર્યા કહેવાય.

Scanned by CamScanner

(૧૬૭) ભગવાનના દર્શન કરવા તો ઈન્દ્રિયો અને અંતઃકરણને એકાગ્ર કરીને કરવા, ભગવાનના દર્શન કરતી વખતે આડી અવળી દૃષ્ટિ કરવી નહીં.

(૧૬૮) સ્વામિનારાયણ ભગવાન પોતે અક્ષરધામમાંથી એવો સંકલ્પ ધારીને અહીં પધાર્યા હતા. જાણે આખા જગતને અમારા ધામમાં લઈ જવું છે.

(૧૬૯) હીરામાં નહીં હરિવરરૂપી હીરલામાં ઘણું સુખ છે.

(૧૭૦) આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે જ્ઞાન પ્રલય કરી નાખવો, કે આ લોકનો, આ દેહનો, આ બ્રહ્માંડનો પ્રલય કરી નાખવો.

(૧૭૧) આદિ અને અંતરનો વિચાર કરે તો મધ્યમાં મોહ ન પામે.

(૧૭૨) માછલીને જળ જીવન છે એમ ભગવાનના ભક્તે ભગવાન જ જીવન રાખવું.

(૧૭૩) આ સંસારમાં જરાક સુખ દુઃખ આવે, જરાક માન અપમાન થાય, તો એમાં જ્ઞાનની દ્રઢતા ન હોય તો હરખ શોક ને પામે અને જ્ઞાનની દ્રઢતા હોય તો હરખ શોક પામેનહીં.

(૧૭૪) સ્વામિનારાયણ મહામંત્ર સર્વોપરી છે.

(૧૭૫) "કર વિચાર નર, કહે તું કહાં સે આવે
અબ જાને કહાં, યહાં કોઈ સ્થિર ન રહાવે"

Scanned by CamScanner

(૧૭૬) જ્યાં ભગવાનના એકાંતિક સંત રહેતા હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

(૧૭૭) જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તેની અલૌકિક સ્થિતિ થાય છે.

(૧૭૮) આ ઘડીને આ પળમાં દેહ પડી જશે તેનો કોઈ નિર્ધાર નથી માટે સદાય અંત અવસ્થા જેવું રાખવું.

(૧૭૯) ઉપાસના શુદ્ધ રાખવી.

(૧૮૦) એક માનસી પૂજા કરીએ તો ૧૦૦૦ રૂપિયાનું પુણ્ય મળે. તો રોજની પાંચ માનસી પુજા કરીએ તો ૫૦૦૦ રૂપિયાનું પુણ્ય થાય. મોટા સંતો કહેતા.

(૧૮૧) આ દેહે કરીને એવું ભજન કરવું કે ફરીથી જન્મ લેવો ન પડે.

(૧૮૨) રવિવારના નોકરી ધંધા બંધ રાખી સત્સંગ કરવો. નુકશાની જાશે તો ભગવાન દેશે.

(૧૮૩) સત્સંગમાં ઘસારા ખમવા ને હળી મળીને રહેવું.

(૧૮૪) કાં ગુરૂ થાવું કાં ચેલા થાવું. બેય ન થાવું.

(૧૮૫) આ સત્સંગને મૂકીને બીજે ક્યાંય માથા ભટકાવવાની જરૂર નથી.

(૧૮૬) આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરી દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

(૧૮૭) અનુવૃત્તિ સાચવવી એ જ સાચી સેવા કહેવાય.

Scanned by CamScanner

(૧૮૮) અક્ષરધામમાં મહારાજને ચરણથી શીખા પર્યંત ભગવાનને એવા દિવ્ય અંગો છે. એટલે ભગવાન સદા દિવ્ય સાકાર છે.

(૧૮૯) આપણો ધર્મ જાતા જો આપણું શરીર રહે, તો નકામું છે.

(૧૯૦) ભલે શરીરનો ત્યાગ થઈ જાય, પણ શીર સાટે ધર્મને પાળીએ તો ભગવાન આપણી રક્ષા કરે જ.

(૧૯૧) સુખ દુઃખ તો કર્માનુસાર પણ થાય એને કોઈ સ્વભાવ અનુસાર પણ તે થાય છે. તો આપણે ભગવાનના ભક્તો ભજન કરીએ, તો તે સ્વભાવ પણ ટળી જાય છે. અને પૂર્વનું કર્મ હોય તો તે પણ ટળી જાય છે.

(૧૯૨) ભગવાનના ચરણથી કરીને શિખા પર્યંત એક એક અંગ જોતા જાવું અને બે વાર "સ્વામિનારાણ" લાંબા શ્વાસે (એટલે ઉંચા અવાજમાં નહીં) સ્વા...મિ...ના...રા...ય...ણ... સ્વા...મિ...ના...રા...ય...ણ... એમ નામ લેતાં જાવું.

(૧૯૩) માનસી પૂજામાં તો દિવ્ય જ વસ્તુઓ ધરાવવી. આપણે એમ માનીએ કે આ ભગવાનને નવડાવીએ, ભગવાન ને જમાડીએ, આ દિવ્ય ઉપચારથી જ બધું કરવું. માયિક ઉપચારની કાંઈ જરૂર રહેતી નથી.

(૧૯૪) સમય પ્રમાણે કામ કરે તેને સમાગમ કહેવાય.

Scanned by CamScanner

(૧૯૬) ભગવાન જે કરે તે સારા માટે કરે.

(૧૯૭) ભગવાનને જેવું કરતા આવડે એવું કોઈને ના આવડે.

(૧૯૮) અક્ષરધામરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી.

(૧૯૯) આ લોક જ નાશવંત છે. તેથી કાંઈ નુકશાન થાય તો શોક ન કરવો.

(૨૦૦) કરી કરીને શું કરવાનું છે ? ભગવાનમાં પ્રેમ કરવો ને રાજી કરવા.

(૨૦૧) સતયુગમાં તો કલ્પવૃક્ષ નીચે જાય ત્યારે સંકલ્પ સત્ય થતાં, આજ તો સતયુગ કરતા પણ સારા દેશકાળ છે, સંકલ્પ પણ કરવો પડતો નથી.

(૨૦૨) જેમ સમુદ્ર મંથન કરવાથી રત્નો મળ્યા તેમ આપણે ભગવાનની વાતોનું મંથન કરીશું તો મૂર્તિનું સુખ પ્રાપ્ત થશે.

(૨૦૩) આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય તો દેહ છતાં જ એને કૃતાર્થપણુ મનાઈ જાય. મને મારા ભગવાન જરૂર તેડી જાશે. હવે આ દેહ કાલે પડતો હોય તો ભલે આજે જ પડી જાય. મને આ દેહની કાંઈ પડી નથી. પણ એવું આપણને કેટલાને થાય છે ? કેટલા જણા તૈયાર થઈ ગયા છે ? સર્વે તૈયાર થઈ ગયા છો ?

(૨૦૪) ગુસ્સો તો ક્યારેય ન કરવો.

(૨૦૫) જીવનું જોર કેટલું ? માટે મહારાજનું બળ રાખવું.

Scanned by CamScanner

(૨૦૬) ભગવાનના મંદિરમાં ભજન કરે તેનું અનેકગણું પુણ્ય થાય છે.

(૨૦૭) સત્પુરૂષના સમાગમથી ભગવાનમાં ખૂબ સ્નેહ થાય છે.

(૨૦૮) આપણે ભગવાનને પ્રાર્થના કરીએ તો આપણું હૈયું ભરાઈ જાય, હૃદય ભરાઈ જાય. તો તમો એવું કરો છો ને ? કે હવે કરશો ? ગદ્ ગદ્ કંઠ એટલે આપણું હૈયું ભરાઈ જાય.

(૨૦૯) પેટનું, શેઠનું અને ઠેઠનું એ ત્રણ કામ બરાબર કરે એ ડાહ્યો કહેવાય.

(૨૧૦) આહારની શુદ્ધતા રાખવી. બહારની વસ્તુ ગાંઠીયા, ભજીયા, આઈસ્ક્રીમ આદી ખાઈએ તો આહારની શુદ્ધિ ન કહેવાય.

(૨૧૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન જેવ દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં.

(૨૧૨) જેના પુણ્યમાં કોઈ ખામી હોય તે ભગવાનને શોધ્યા જ કરે.

(૨૧૩) આપણું મુળ વતનનું ગામ તો અક્ષરધામ છે અને આપણા ખરા સગાં તો ભગવાન અને ભગવાનના સંતો છે.

Scanned by CamScanner

(૨૧૪) મારું ઘર એ ભગવાનનું મંદિર છે અને ઘરના સભ્યો ભગવાનના બાળકો છે એમ સમજીને સેવા કરીએ તો એ ભગવાનની સેવા કરી બરાબર છે.

(૨૧૫) અમારું કાંઈક કામ હોય અને અમે કામમાં હોઈએ તો અંતરથી પ્રાર્થના કરવી, અંતરથી અમો ભેગા જ છીએ.

(૨૧૬) મને કરીને કરેલા પાપ, દેહે કરીને કર્યા બરાબર છે.

(૨૧૭) ભલે ભગવાં ન પહેરો તો પણ ધોળા કપડે તો સાધુ થવું જ પડશે.

(૨૧૮) તુચ્છ પદાર્થને માટે ભગવાનની આજ્ઞા લોપે છે. તેણે કરીને દુઃખ આવે છે.

(૨૧૯) ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીશુ તો "દેહ છતાં દુઃખી નહી ને તન છૂટે તેજ અંબાર"

(૨૨૦) શ્વાસોચ્છ્વાસે જો ભગવાનની મૂર્તિને સંભારીએ તો એક પણ સંકલ્પ થાય નહીં.

(૨૨૧) "મરના મરના સબ કહે મરે ન જાને કોઈ
એક દિન ઐસા મરના કી ફીર જનમ ન હોઈ."

(૨૨૨) ભગવાનના ભક્તોએ નામુ માંડવું કે મારે કેટલી જગતની વાસના છે ને કેટલી ભગવાનની છે.

(૨૨૩) ગૃહસ્થોએ વ્યવહારિક કાર્ય કરવું પણ અંતરમાં જગત ભરવું નહીં.

Scanned by CamScanner

(૨૨૪) સાચા સંતોના દર્શન માત્રથી અંતરમાં શાંતિ થાય અને સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થાય.

(૨૨૫) સૂર્ય ઉગે તે છાનો રહેતો નથી એમ એવા જે સંતો કે ભગવાનના સારા ભક્તો હોય, એનું ઐશ્વર્ય છાનું રહેતુ નથી.

(૨૨૬) કલમી આંબો હોય તેને ત્રણ વર્ષે કેરીઓ આવે. તેમ આપણે જો ધ્યાન, ભજન બરોબર કરીએ તો ત્રણ વર્ષ મૂર્તિ દેખાઈ જ જાય.

(૨૨૭) સંસારીના સુખ ઝાઝવાના નીર જેવા છે.

(૨૨૮) સંસારના સુખ ભોગવીને આ જીવાત્મા કોઈ તૃપ્ત થયો નથી.ચોર્યાશી લાખ જન્મ થયા. આ જીવાત્માએ સુખ ભોગવી આવ્યો છે, તો પણ હજી સુધી તે જગતની વાસના આ જીવાત્માને ટળતી નથી.

(૨૨૯) આ દુનિયામાંથી દરેકને એક દિવસ જાવું છે ! અને ઝાડને તો મૂળિયા છે, આ શરીરનો કાંઈ નિર્ધાર છે નહી. એક ઘડિનો પણ નિર્ધાર નથી.

(૨૩૦) ભગવાન કહે છે જે સાચા ભક્તો હોય એને આ લોકમાં પણ હું સુખી કરૂં છું અને પરલોકમાં પણ સુખી કરુ છું.

(૨૩૧) ભગવાન પોતાની પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા આ પૃથ્વી ઉપર પધારે છે.

Scanned by CamScanner

(૨૩૨) દીકરા-દીકરી, સગાં સંબંધી હોય તેમાં વ્યવહારિક કાર્ય ભલે કરવું પણ પ્રેમ ક્યાં રાખવો ? ભગવાનમાં રાખવો.

(૨૩૩) મૃત્યુલોકમાં એ મોટા મોટા શેઠ હોય, સાહેબ હોય, મોટા મોટા મિનિસ્ટરો હોય, બધાય મજો કરે અને ખૂબ સુખ ભોગવે, પણ તે નાશવંત છે.

(૨૩૪) ભગવાનની ભક્તિ કરી હોય, ભજન કર્યું હોય, સંત સમાગમ કર્યો હોય કે, ભગવાનને અર્થે કે સત્સંગને અર્થે કાંઈ દાન પુણ્ય હોય, તે ભેળું આવે.

(૨૩૫) જ્ઞાને કરીને સ્ત્રી, પુત્ર, સગા સંબંધીને આપણે સમજાવવા જોઈએ કે, આમ કરવું, આપણે આમ ન કરવું. છતાંય પણ ન માને તો આપણે ભગવાન ઉપર છોડી દેવું. ભલે ! ભગવાન તારૂ ભલુ કરે. તો ઉપાધિ નહીં.

(૨૩૬) માનસી પૂજા લગભગ બધા કરતા જ હશે, પણ ન કરતા હોય તો કરવી. આપણને મહારાજે પાંચ વાર કરવાનું કહ્યું છે. કરવી હોય તો થઈ જાય, ન થાય એવું કાંઈ નથી.

(૨૩૭) તમે ગૃહસ્થો દૂધ, ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો તો અંતઃકાળે અક્ષરધામની પ્રાપ્તિ થાય પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખવો.

Scanned by CamScanner

(૨૩૮) બ્રહ્માનંદના વ્હાલા સત્સંગ મળતાં મારે દહાડે દહાડે દિવાળી. હોળી તો ક્યારેય આવવા દેવી જ નહી. સદાય દિવાળી જ રાખવી. તે દિવાળી હોય તો સદાયને માટે આનંદ વર્તે.

(૨૩૯) કોણ ગરીબ માણસ હોય અને તેના ઉપર કોઈ સો-બસો કે પાંચસો રૂપિયા માંગતું હોય તો આસ્તે આસ્તે એ પૈસા આપી દે તો આ દેવામાંથી મુક્ત થઈ જાય. એમ આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરીએ તો એ વાસના ટળી જાય છે અને સંકલ્પ વિકલ્પ ટળી જાય છે.

(૨૪૦) "કરત કરત અભ્યાસા જળમતિ હોત સુજાના" જો એ અભ્યાસ કરે તો કંઈપણ જાણતો ન હોય તો પણ તે હોશિયાર થઈ જાય.

(૨૪૧) આળસ અને અજ્ઞાનમાં તો આપણે સર્વેએ, ચોર્યાશી લાખ જન્મો ખોઈ નાખ્યા, પણ હવે આપણને આ સાચો સત્સંગ મળ્યો. માટે આળસનો ત્યાગ કરી ભગવાનને ભજી લેવા.

(૨૪૨) જે કથાવાર્તા સાંભળી હોય, તે જીવનમાં ઉતારવી.

(૨૪૩) જેમ પાણીમાં કમળ હોય તો ડુબતું નથી, તેમ આ વ્યવહારિક કાર્ય ભલે કરો, પણ એમ જાણો કે આ બધું ખોટું છે.

Scanned by CamScanner

(૨૪૪) જ્યાં સુધી ભજન બરાબર ન થાય ત્યાં સુધી આ લોકમાં બહુ ડહાપણ ન કરવું ને આપણે અતિ કાળજી રાખી અખંડ ભજન કરવું.

(૨૪૫) પ્રતિલોમ એટલે આપણા સન્મુખ ન દેખાય પણ અંતરમાં ભગવાન દેખાય.

(૨૪૬) રાત્રે જમીને પછી સ્ત્રી, પુત્ર, સગા સંબંધીઓ સાથે મળી, વાર્તા,ધૂન, ભજન, કીર્તન, કરી ભગવાનને સંભારી ને સૂઈ જાઈએ તો સપના સારા આવે ને ટી.વી. જોઈને સૂઈએ તો સપના પણ ખરાબ આવે.

(૨૪૭) એક કરોડ ને અડસઠ લાખ જન્મોની કસર આપણે આ જન્મે ટાળવાની છે. તો તે કેવી રીતે ટળશે ? તે ધીમે ધીમે ટાળશું તો વાર લાગશે, પણ એકદમ કાળજી રાખી ભજન કરશું તો જલ્દી ટળી જશે.

(૨૪૮) બાપ એમ જાણે કે છોકરો મોટો થાય છે, પણ આયુષ્યમાંથી ઘટતો જાય છે. એમ આપણે દરેક આ દુનિયામાંથી એક દિવસ જવાનું છે. ને પળે પળે આયુષ્ય ચાલી જ જાય છે.

(૨૪૯) ધન જોબન ને આવરદાનો ન કરીએ નિરધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર.

(૨૫૦) વિચાર્યા વગર નિર્ણય ન કરવો.

(૨૫૧) બે કામ ક્યારેય સાથે ન કરવા.

Scanned by CamScanner

(૨૫૨) દરેકમાંથી સારા ગુણો લેવા દરેકમાંથી એક-એક સારા ગુણ લઈએ તો આપણામાં ૧૦૦ સારા ગુણ આવે.

(૨૫૩) ન આવડે તે પહેલા શીખવું. બધુ શીખવાનું અમારો કાયદો.

(૨૫૪) રોજની આવક જાવક દરરોજ લખી નાખવી.

(૨૫૫) બધા સાથે સારા વ્યવહાર રાખવા. બધાને બોલાવવું.

(૨૫૬) બોલવામાં ધ્યાન રાખવું. વિચારીને બોલવું.

(૨૫૭) ભાઈબંધો ઓછા રાખવા, ખરાબ ભાઈબંધ ન રાખવા.

(૨૫૮) ખોટા ખર્ચા કરવા નહીં.

(૨૫૯) ભગવાનનું ધ્યાન ભજન કરીએ એટલે અનેક જન્મના પાપનો ક્ષય થઈ જાય. એટલે આપણે નવા પાપ તો ક્યારેય કરવા નહીં.

(૨૬૦) ઝાડમાં જેટલા પાંદડા હોય, તે પાંદડે પાંદડે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવરાવવું છે.

(૨૬૧) ચાલશે, નભશે, ફાવશે આ ત્રણ વાત શીખી જાય તો શાંતિ વર્તે.

(૨૬૨) ૩૬૫ દિવસ વર્ષમાં છે, પણ ૩૯૦ દિવસ થાય તો પણ આ સંસારનું કામ ખૂટે નથી, આથી ભજન કરવામાં કાઢજી રાખવી.

(૨૬૩) દરેક સમયે અંત અવસ્થા રાખવી.

Scanned by CamScanner

(૨૬૪) જ્ઞાન હોય તો બીજાને આપવું. શાસ્ત્રમાં લખ્યું છે કે એક જ્યોતિષ હતા. બહુ સારૂં ભણેલા હતા પણ બીજા કોઈને શીખવાડ્યું નહી તો શું થયું ? બ્રહ્મ રાક્ષસ થયાં.

(૨૬૫) આપણા પાસે જ્ઞાન હોય તો બીજાને આપવું. આ પૈસા તો બીજાને આપો તો ઓછા થઈ જાય, પણ આ જ્ઞાનનો ઓછું થાતું નથી. જ્ઞાન તો જેમ જેમ આપતા જાય તેમ તેમ વધતુ જાય.

(૨૬૬) ભગવાન સિવાય બીજા કોઈની આશા ન રાખવી.

(૨૬૭) ભગવાન અને ભગવાનના સંતને નિષ્કામ ભક્તિ વહાલી છે.

(૨૬૮) શુદ્ધ અંતઃકરણવાળા ભક્તની પૂજાને જ ભગવાન અંગીકાર કરે છે.

(૨૬૯) પોતાનું કામ પોતે જાતે કરવું.

(૨૭૦) તમે તમારી ચિંતા કરશો તો અમે નહીં કરીએ. જો તમે ચિંતા નહીં કરો તો અમારી જવાબદારી.

(૨૭૧) શેઠના શેઠ સ્વામિનારાયણ ભગવાન છે. આપણે મહેતાજી તરીકે કામ કરવું.

(૨૭૨) ધીરજ રાખવી.

(૨૭૩) હોળી ક્યારેય કહેવાય ? કે જ્યારે ગુસ્સો થઈ જાય ત્યારે હોળી કહેવાય.

(૨૭૪) "જીવન જુઠુ રે, મરવું તે મંગલકારી"

॥ જય શ્રી સ્વામિનારાયણ ॥

Scanned by CamScanner



ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલ

Scanned by CamScanner